**ફોજદારી કેસ નં. 7149 / 2023 ના કામમાં આંક–૧ લગત હુકમ :–**

આજરોજ ફાઈલ હાથ પર લીધી. પોકાર કરાવતાં પક્ષકારો કે તેમના વિ.વ.શ્રીઓ હાજર નથી. ફરિયાદી તરફથી કોઈ મુદત અરજ રજુ નથી. રેકર્ડ જોતાં સદરહુ ફરિયાદ ફરિયાદી એ આરોપી વિરૂધ્ધ –ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે અને રેકર્ડ રોજકામ જોતાં હાલના કામે આરોપીને સમન્સની લાંબા સમયથી બજવણી થયેલી નથી આમ, હાલનું કામ ઘણા લાંબા સમયથી આરોપીના સરનામે સમન્સ/વોરંટની બજવણીના સ્ટેજે ચાલતુ હોવા છતાં ફરીયાદીએ હાજર રહી પોતાનો કેસ આગળ ચલાવવા કે બજવણી કરવા કોઈ દરકાર લીધેલ નથી. વળી રેકર્ડ વંચાણે લેતાં હાલનો કેસ ઘણો જુનો છે અને હાલનાં કામે ફરીયાદીને અવારનવાર તક મળવા છતાં કેસ આગળ ચલાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. વધુમાં ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરિયાદી પોતાની ફરિયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરિયાદીની ફરિયાદને ડિસમીસ ફોર ડિફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે. આ સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ની જોગવાઈ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

256. Non-appearance or death of complainant. –

(1) If the summons has been issued on complaint and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall notwithstanding anything herein before contained, acquit the accused unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day:

Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

આમ, કેસનું રેકર્ડ તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લઈ, ફરિયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક આપવા છતાં પોતાનાં કેસમાં આરોપીને સમન્સ / વોરંટની બજવણી કરવાનાં સ્ટેજે ગેરહાજર રહેલા છે અને બજવણી કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં હાલના કામે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– // હુકમ //–**

હાલનાં કામે ફરિયાદી ગેરહાજર રહેતાં હોય, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ પ્રમાણે ફરિયાદીની ગેરહાજરી સબબ તથા આરોપીને સમન્સ/વોરંટની બજવણી અંગે આગળ ની કાર્યવાહી નહીં કરવા સબબ આજરોજ આરોપીને નિર્દોષ ઠરાવી ફરિયાદીનો કેસ ડિસમીસ ફોર ડિફોલ્ટથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તારીખ : ૦૧/૧૦/૨૦૨૫

( હિતેશ તનસુખરાય ધોળકીયા )
૩૭માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૯, અમદાવાદ.
યુનિક કોર્ડ નં.જીજે૦૧૨૪૩